# Day to Day Current Affairs

## 3.JAN 2016:

### ૧. સાવિત્રીબાઇ ફુલે જન્મજ્યંતિ :

- ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા સાવિત્રીબાઈ ફુલેની આજે 185 મી જન્મજ્યંતિ છે.
- તેમનો જન્મ 3 જાન્યુઆરી, 1831 ના રોજ થયો હતો.
- તેમના લગ્ન સમાજસુધારક જ્યોતિરાવ ફુલે સાથે થયા હતા.

### ૨. પ્રો.સી.બી.જાડેજા : કચ્છ યુનિ.કુલપતિ

- પ્રોફેસર સી.બી.જાડેજાની કચ્છ યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિયુકત કરવામાં આવી છે.
- લિંબડીની સચીદાનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના સાયકોલોજીના પ્રોફેસર જાડેજા મૂળ કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના વતની છે.

### ૩. એ.બી.બર્ધન :

- કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (CPI)ના દિગ્ગજ નેતા એ.બી.બર્ધનનું 2 જાન્યુઆરીના રોજ અવસાન.
- જન્મ – 25 સપ્ટેમ્બર, 1924
- વર્ષ 1957માં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં તેઓ અપક્ષ તરીકે ચૂંટાયા હતા.
- છેલ્લે નવી દિલ્લીમાં તેઓ સીપીઆઈના નાયબ મહામંત્રી તરીકેની જવાબદારી નિભાવતા હતા.

### ૪. એસ.ચિક્કરંગપ્પા – ગોલ્ફર :

- ભારતીય યુવા ગોલ્ફર ચિક્કારંગપ્પાએ કોલકતામાં 24 થી 27 ડિસેમ્બર સુધી રમાયેલી મેકલેરોડ રસેલ ટૂર ગોલ્ફ ટુર્નામેન્ટ જીતી લીધી હતી.
- આ સાથે જ 22 વર્ષનો ચિક્કા રોલેક્સ રેન્કિંગ ( ઓર્ડર ઓફ મેરીટ) જીતનારો સૌથી યુવા ગોલ્ફર બન્યો હતો.

### ૫. હેમચંદ્રાચાર્ય ચંદ્રક :

- અમદાવાદના હેમચંદ્રાચાર્ય ટ્રસ્ટ તરફથી પેરિસ યુનિવર્સિટીના ડૉ. નલીની બલપીરને હેમચંદ્રાચાર્ય ચંદ્રક એનાયત થશે.
- ડૉ.નલીની પેરીસ યુનિ.મા ભારતીય તત્વદર્શન અને જૈન બોધ ધર્મની ફિલોસોફીને સમજાવવાની ચળવળ ચલાવી રહ્યા છે.

### ૬. ગુજરાતની ક્રિકેટ ટીમને GCA તરફથી ઈનામ :

- વિજય હઝારે વન-ડે ટ્રોફી જીતનારી ગુજરાતની ટીમને ગુજરાત ક્રિકેટ એસોસિએશને (GCA) 20 લાખનુ રોકડ ઈનામ આપવાની જાહેરાત કરી.
- BBCI પણ તેમની આ સિધ્ધિ બદલ 20 લાખનું ઈનામ આપી ચુકયુ છે.

## પ્રશ્નો

૧.ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા જણાવો. – સાવિત્રીબાઈ ફુલે.

૨. કચ્છ યુનિ.ના કુલપતિ તરિકે કોની નિમણૂંક થઈ? – પ્રો.સી.બી.જાડેજા

૩. CPI ના ક્યાં દિગ્ગજ નેતાનું અવસાન થયુ? – એ.બી.બર્ધન.

૪.એસ.ચિક્કારંગપ્પા કઈ રમતના ખેલાડી છે ? – ગોલ્ફ

૫.ગુજરાતની ટીમને વિજય હઝારે ટ્રોફી જીતવા બદલ GCA તરફથી કેટલુ ઈનામ મળશે? – 20 લાખ.

૬. હેમચંદ્રાચાર્ય ચંદ્રક કોને એનાયત થશે? – ડૉ.નલીની બલવીર

Vivekanand Academy, Gandhinagar